# ખેડબ્રહ્માના દેવીનગરના રહીશો મોબાઈલ ટાવરથી ત્રસ્ત

## છેલ્લા ૩ વર્ષથી ટાવર ખસેડવા લડત ચલાવતા રહીશોની ઉપવાસ આંદોલનની ચીમકી

ખેડબ્રહ્મા, તા.૧૯

ખેડબ્રહ્માના દેવીનગરમાં પરવાનગી વગર ઉભા કરાયેલા તોતીંગ મોબાઈલ ટાવરથી થતા ધ્વની પ્રદૂષણ-ધરતીકંપ-આગ અને વાવાઝોડાના જોખમથી થનાર નુકશાન તથા ખતરનાક રેડીએશનથી ત્રાસ ભોગવતા રહીશો દ્વારા છેલ્લા ૩ વર્ષથી તંત્ર સમક્ષ વારંવાર રજુઆત કરવા છતાં તંત્રના પેટનું પાણી ન હાલતાં રહીશોએ ઉપવાસ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

દેવીનગરના રહીશો મુકેશકુમાર ભુરાલાલ મહેતા-હંસાબેન ચંદુલાલ વોરા-ડૉ. દુષ્યંતભાઈ દરજી-સુમીતકુમાર સુમનભાઈ પટેલ તથા અમૃતલાલ કુંવરજી બારોટ સહીતના ૨૦ કરતાં વધુ રહીશોએ પ્રાંત અધિકારીને લેખિતમાં કરેલ રજુઆત અનુસાર દેવીનગર વિસ્તારમાં ટાટા કંપની દ્વારા પરવાનગી વગર ૧૪૦ ફુટ ઉંચો મોબાઈલ ટાવર ઉભો કરવામાં આવ્યો છે. આ ટાવર અહીંના રહીશો માટે જોખમકારક અને ત્રાસદાયક હોવાથી અન્યત્ર ખસેડવા માટે ફેબ્રુઆરી ૨૦૧૧થી લડત ચલાવી રહ્યા છે અને નગરપાલિકા સહીત મંત્રી સુધી વારંવાર રજુઆતો કરવામાં આવી છે તેમ છતાં તંત્ર દ્વારા કોઈ પણ કારણોસર આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. આ ટાવરના રેડીએશનથી રહીશોના સ્વાસ્થ્ય ઉપર અસર થવાનો ભય સતાવી રહ્યો છે. રહેઠાણના પ્લોટમાં ઉભો કરવામાં આવેલ આ ટાવરનો પ્લોટમાં શરતભંગ થતો હોવાથી પ્લોટ ખાલસા કરવા રહીશોએ માંગણી કરી છે. વસવાટવાળા રહેણાંક વિસ્તારમાં ઉભા કરવામાં આવેલ મોબાઈલ ટાવર હટાવી લેવા સુપ્રીમ કોર્ટનું રૂલીંગ હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી અને છેલ્લા ૩ વર્ષથી ટાવર ખસેડવાની રજુઆતો પછી ૯ ફેબ્રુઆરીના રોજ ખેડબ્રહ્મા પ્રાંત અધિકારીને લેખિતમાં ઉપવાસ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

### મામલતદાર દ્વારા નોટીસ ફટકારાઈ હતી

ખેડબ્રહ્માના ઈન્ચાર્જ મામલતદાર દ્વારા ગત જૂન ૨૦૧૪માં આ ટાટાના મોબાઈલ ટાવરના જમીન માલિક ચંપાલાલ આશાલાલ કોઠારીને મંજુરી વગર ટાવર ઉભો કરવા માટે નોટીસ ફટકારવામાં આવી હતી. જેને દસ માસ જેટલો સમય થયો હોવા છતાં કોઈ નકકર કાર્યવાહી કરવામાં ન આવતા રહીશોમાં રોષ ફેલાયેલો જોવા મળે છે.

# મેઘરજ તાલુકા પંચાયત કચેરીના દસ્તાવેજોનો શૌચાલયમાં ઢગલો

## દસ્તાવેજો રઝડતી હાલતમાં રાખતા સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડાડતા દ્રશ્યો

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાની ગણના ગુજરાત રાજ્યમાં આદિવાસી અને પછાત તાલુકામાં સમાવેશ થાય છે. રાજ્ય સરકાર અને સરકારી તંત્ર દ્વારા ગુજરાત રાજ્યમાં સ્વચ્છતા અભિયાનની મોટી ગુલબાંગો મારવામાં આવી હતી. પરંતુ ગુજરાત રાજ્યની સરકારી કચેરીઓની ગંદકી આંખે ઉડીને વળગતી હોય તેવો અહેસાસ ગુજરાત રાજ્યના પ્રજાજનોને અહેસાસ જ્યારે સરકારી કામકાજ અર્થે કચેરીઓમા જાય ત્યારે અનુભવવાની સાથે આઘાતમાં સરી પડતા નજરે પડે છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં પછાત આદિવાસી અને બક્ષીપંચના ૧૨૬ ગામડા અને ૪૬ ગ્રામ પંચાયતો ધરાવતી મેઘરજ તાલુકા પંચાયત આવેલી છે. આ તાલુકા પંચાયતમાં ૧૯ જેટલા પદઅધિકારીઓ કામ કરે છે અને ૫૦ થી વધુ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. આ તાલુકા પંચાયતમાં ખેતીવાડી વિભાગ બાંધકામ વિભાગ, નરેગા હિસાબ શાખા, તાલુકા વહિવટી શાખા, આંકડા સહકાર જેવી ૧૦ થી વધારે સરકારી કચેરીઓ આવેલી હોવાથી અહિ મેઘરજ તાલુકાના પ્રજાજનો વિવિધ સરકારી કામકાજ અર્થે અવર જવર કરતા હોવા છતાં આશ્ચર્યજનક રીતે અહિ મેઘરજ તાલુકા પંચાયતમાં શૌચાલયની કોઈ જ વ્યવસ્થા નથી અને એક હતુ શૌચાલય હતુ તેને કર્મચારીઓ અને પદાધિકારીઓએ દસ્તાવેજો સાચવવા સરકારી તિજોરી બનાવી દઈ શૌચાલયની જગ્યાએ કચેરીના દસ્તાવેજોના કાગળો ભર્યા છે ત્યારે સ્વચ્છ ગુજરાત અને સ્વચ્છ ભારત અભિયાનનું મીંડુ જોવા મળતાં લોકોમાં રોષની લાગણી ફેલાઈ છે. બીજી બાજુ સમગ્ર તાલુકાને સ્વચ્છ બનાવવા માટે શૌચાલય બનાવવાની લાખો રૂપિયાની ગ્રાન્ટના ચેક મેઘરજ તાલુકા પંચાયતથી જ અપાય છે ત્યારે મેઘરજ તાલુકા પંચાયત કચેરીના હાલ 'દિવા તળે અંધારૂ' જેવા ઘાટ સર્જાય છે.

મેઘરજ તાલુકા પંચાયતમાં રોજીંદા ૮૦ થી વધુ કર્મચારીઓ અને ૫૦૦ થી વધારે અરજદારો કામ અર્થે કચેરીની મુલાકાત લેતા હોય છે. આલોકોને લઘુશંકા કરવા માટે તાલુકા પંચાયત પાછળના ખુલ્લી જગ્યાએ ના છુટકે જવુ પડતુ હોવાથી લોકોની માગણી ઉગ્ર બની છે અને તાલુકા પંચાયતમાં તાત્કાલિક શૌચાલય બને તેવુ મેઘરજ તાલુકાના પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.



(તસવીર : જય અમીન, મોડાસા)



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર. જી. બારોટ એજ્યુંકેશન કેમ્પસમાં પુસ્તક પ્રદર્શનનો બે દિવસીય કાર્યક્રમ પ્રસંગે શ્રી સરસ્વતી સ્ટેશનરી માર્ટ, ભિલોડા રોહિતભાઈ ત્રિવેદીના સૌજન્ય ધ્વારા પુસ્તક પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો. પુસ્તક પ્રદર્શનમાં વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારે તેવા માહિતીપ્રદ અને જ્ઞાન સભર અંગ્રેજી, ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ પુસ્તકોનું પ્રદર્શન કરાયું હતું. ભિલોડા આર.જી.બારોટ બી.એડ્.કોલેજ,અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ, એલ. આર. રાવ પી.ટી.સી.કોલેજ, આર.જી.બારોટ એમ.એસ.ડબલ્યું. કોલેજ સહિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓએ પુસ્તક પ્રદર્શનનો લાભ લીધો હતો. આર.જી.બારોટ એજ્યુંકેશન કેમ્પસના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. આર.જી.બારોટ એજ્યુંકેશન કેમ્પસમાં પુસ્તક પ્રદર્શન કાર્યક્રમને સફળ બનાવવા પ્રદિપભાઈ ભાટીયા તેમજ સ્ટાફ પરીવારે જહેમત ઉઠાવી હતી.

## ભિલોડા જન સેવા અંગ્રેજી, ગુજરાતી મીડીયમ સ્કુલમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

ભિલોડા,તા.૧૯

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત જન સેવા સંઘ અંગ્રેજી, ગુજરાતી મીડીયમ સ્કુલમાં ધોરણ.૧૦ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. ધોરણ.૧૦ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભ પ્રસંગે વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી શુભકામનાઓ આપવામાં આવી હતી. આ પ્રસંગે જન સેવા સંઘના કમલેશભાઈ મહેતા, ડૉ. આઈ. કે. પટેલ, વસંતભાઈ પટેલ, આચાર્ય બી.એસ.ઝાલા, બિન્તાબેન ત્રિવેદી સહિત સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.

## લાખણી તાલુકાના મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોના સંચાલક માટે અરજી કરો

પાલનપુર, તા. ૧૯

મામલતદારશ્રી લાખણી ધ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ કે લાખણી તાલુકામાં આનંદનગર કે.ગોળીયા(લાખણી) અને દેવસરી -નથમિક શાળામાં મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોમાં સને-૨૦૧૪-૧૫ના શૈક્ષણિક વર્ષ માટે સંચાલકોની જગ્યા તદન હંગામી ધોરણે ઉચ્ચક માનદવેતનથી ભરવાની છે. જે માટે જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. નિયત અરજીફોર્મ લાખણી મામલતદાર કચેરીથી મેળવી સંપૂર્ણ વિગતો ભરી તા.૨૦/૦૨/૧૫ના રોજ કચેરી સમય સુધીમાં મળી જાય તે રીતે રૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવાનું રહેશે. ત્યારબાદ મળેલ અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. સ્થાનિક વિધવા ત્યક્તા મહિલાઓને અગ્રતા આપવામાં આવશે.

# ડીસા હાઈવે રક્તરંજીત : ભોયન અને જુના ડીસા નજીક બે અકસ્માતમાં બેના મોત

ડીસા, તા. ૧૯

બનાસકાંઠાના ડીસા તાલુકામાં આજરોજ બે માર્ગ અકસ્માતના બનાવો નોધાયા છે. જેમાં ભોયન નજીક મોટરસાયકલ અને જીપ વચ્ચે થયેલા અકસ્માત માં મોટર સાયકલ પર સવાર ૧નું મોત થયું હતું. જયારે અન્ય એક ગંભીર રીતે ઘાયલ થયેલ છે. જયારે બીજા અન્ય અકસ્માતનો બનાવ પાટણ હાઈવે રોડ પર જુનાડીસા ગામે નોધાયો છે. જેમાં મોટર સાયકલ પર સવાર એક વ્યક્તિ અક્સંતે સ્લીપ ખાતા મોતને ભેટેલ છે આ બન્ને બનાવોમાં પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

બનાસકાંઠા ના ભોયન ગામ નજીક આજે બપોરનાં સમયે પાલનપુર તાલુકાના માલણ ગામે રહેતા અમરતભાઈ કાનજીભાઈ પ્રજાપતિ અને ભરતભાઈ મોતીભાઈ પ્રજાપતિ ડીસા તરફ કામકાજે આવી રહ્ના હતા. ત્યારે ભોયન ગામ નજીક અકસ્માતે તેમની મોટર સાયકલ એક જીપ ગાડી ની પાછળ અકસ્માતે અથડાતાં બન્ને ઈસમો રોડ પર પટકાયા હતા. જેમાં અમરતભાઈ પ્રજાપતિની ખોપરી ફાટી જતા તેમનું ઘટના સ્થળે જ મોત નીપજયું હતું. જયારે તેમના અન્ય સાથીદાર ભરતભાઈ પ્રજાપતિને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં તેમના પગને ગંભીર ઈજા થતાં વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડાયા હતા.

જયારે અન્ય બીજા અક્સમાતની ઘટના ડીસાથી પાટણ જતા હાઈવે રોડ પર જુનાડીસા ગામે બનેલ છે જયાં જુનાડીસા ગામના રહીશ સહદેવભાઈ લુંમ્બાભાઈ ગવારીયા ઉમર વર્ષ ૩૦ પોતાના મોટર સાયકલ પર બપોરના સમયે સવાર થઈ ડીસા તરફ આવી રહ્ના હતા ત્યારે જુનાડીસા હાઈવે રોડ પર અક્સમાંતે આ મોટર સાયકલ સ્લીપ ખાઈ જતા તે રોડ પર પટકાયા હતા જયાં ગંભીર ઈજાએ તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું. મૃતક ચાર બાળકોના પિતા હતા. જેમના મોતથી પરિવાર બેહરા બનતા સમગ્ર જુનાડીસા ગામમાં શોકની લાગણી છવાઈ હતી. આમ, બે અલગ અલગ માર્ગ અકસ્માતોની ઘટનામાં બેના મોત થતાં ડીસા તાલુકા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# ઊંઝા તાલુકામાં અનઅધિકૃત દબાણોનો રાફડો : તંત્રના અધિકારીઓ અજાણ

ઊંઝા, તા. ૧૯

ઊંઝા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વર્ષો અગાઉ દબાણ રજીસ્ટરે નોંધાયેલ દબાણોની આંકડાકીય માહિતી ઉપલબ્ધ છે, પરંતુ પાછલા ૧૦ થી ૨૫ વર્ષ સુધીમાં થયેલ અનઅધિકૃત દબાણો બાંધકામોનો કોઈ સર્વે કરવામાં આવેલ ન હોઈ આવા ઘણા ગેરકાયદે દબાણો બાંધકામો દબાણ રજીસ્ટરે નોંધાયેલ નથી. જેથી આવા દબાણોને આજદિન સુધી કોઈ આંચ આવી નથી.

ઊંઝા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સંબંધિત તંત્રોની બેદરકારી અને ઘોર ઉદાસીનતાને કારણે સરકારી તેમજ અન્ય જમીનો પર કેટલાયે અનઅધિકૃત દબાણો અને બાંધકામો થયેલા છે. જેનો હજી સુધી કોઈ સર્વે કરવામાં આવ્યો નથી. પરિણામે આવા દબાણો યથાવત રહ્યા છે. અને આવા ગેરકાયદે દબાણો બાંધકામો વધતા જાય છે. તાલુકાના કેટલાક ગામોમાં સરકારી ખુલ્લી કે પડતર જમીન પર તેમજ ખાનગી જમીનો પર બિન પરવાનગીએ હાઈવેની આસપાસ જાહેર માર્ગો, શેરી, મહોલ્લાઓમાં ઠેર ઠેર જગ્યાએ દબાણો વધી ગયા હોવાનું કહેવાય છે.

ગેરકાયદે દબાણોને કારણે ગામના આંતરિક જાહેર રાજમાર્ગો સાવ સાંકડા બની ગયા છે. આથી આવા રસ્તેથી વાહનો પસાર કરવા મુશ્કેલ બની ગયેલ છે. વધતા જતા બિનઅધિકૃત દબાણો અને બાંધકામોને રોકવામાં તેમજ દૂર કરવામાં ગ્રામ પંચાયતો દ્વારા અસરકારક કામગીરી થતી નથી.

વધુમાં જિલ્લા તથા તાલુકા પંચાયતના અધિકારીઓ દબાણોના પ્રશ્ને ખાસ ધ્યાન આપતા નથી. અને જા બિલ્લી કુત્તે કો માર જેવી નીતિરીતિ અપનાવીને ફક્ત કાગળ પર દબાણો દૂર કરવા ગ્રામ પંચાયતોને આદેશ કરે છે. પરંતુ કેટલાક ગ્રામ પંચાયતો તાલુકા જિલ્લા પંચાયતોના અધિકારીઓના આદેશોને ઘોળીને પી જાય છે. તેમ છતાં અધિકારીઓ દ્વારા કોઈ જ નક્કર પગલાં ભરાતાં નથી.

# સ્વાઈન ફલુના વાવર વચ્ચે ઉમરેઠમાં બોગસ ડૉકટરોનો રાફડો

## ગરીબ દર્દીઓના જીવન સાથે ચેંડા, છતાં આરોગ્ય વિભાગ ઘોર નિંદ્રામાં : કંમ્પાઉન્ડરો બોગસ ડૉકટરો બની ઘેરઘેર જઈ ઉંટવૈદુ કરતા હોવાની ઉઠેલી વ્યાપક બૂમો

ઉમરેઠ તા.૧૯

દેશના ત્રણ રાજયોમાં હાલ સ્વાઈન્ ફલુનો કહેર વર્તાઈ રહયો છે. સેંકડો નાગરીકોના સ્વાઈન્ ફલુના કારણે કરૂણ મૃત્યુ નીપજયા છે. ગુજરાતનું આરોગ્ય તંત્ર પણ સ્વાઈન્ ફલુના વાવરને નાથવા અથાગ પ્રયત્ન કરી રહયુ છે. તેવા સમયે આણંદ જીલ્લાના તાલુકા મથક ઉમરેઠમાં ખ્યાતનામ ડૉકટરોને ત્યાં નોકરી કરતા કંમ્પાઉન્ડરો ડૉકટરો બની ગેર કાયદેસર રીતે દર્દીઓની સારવાર કરતા હોવાની વ્યાપક ફરીઆદો ઉઠવા પામી છે. ઉમરેઠમાં સી.એચ.સી સેન્ટરમાં કાગડા ઉડી રહયા છે. બીજી તરફ બોગસ ઉંટવૈદ્યો દર્દીઓના ઘરે જઈ સારવારના નામે તેમના જીવન સાથે ગંભીર પ્રકારના અખતરા કરતા હોવાની બૂમો સાંભળવા મળી રહી છે. તેમછતાં આરોગ્ય વિભાગ કોની અરજીની રાહ જોઈ ફરજ પ્રત્યે બેદરકારી દાખવી રહયુ હોવાની જાગૃત નાગરીકો હૈયા વરાળ ઠાલવી રહયા છે.

આ અંગે નગરમાં ચર્ચાતી વાતો મુજબ સ્વાઈન્ ફલુના ડરથી હાલ ઉમરેઠ તેમજ તાલુકા વિસ્તારના નાગરીકો ભયભીત છે. જેના કારણે નાના અમથા તાવથી પણ લોકો ગભરાઈ દવાખાના તરફ દોટ મુકી રહયા છે. જેના કારણે દવાખાનાઓમાં દર્દીઓની ભીડ જોવા મળી રહી છે. આ તકનો લાભ લેવા કેટલાક જાણીતા ડૉકટરોને ત્યાં નોકરી કરતા કંમ્પાઉન્ડરો પૈસા કમાવવાની લાલચમાં ડૉકટર બની દર્દીઓના ઘરે જઈ એલોપથીની દવાઓની સારવાર શરૂ કરતા ડૉકટરો તેમજ નગરના જાગૃત નાગરીકોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. બીજી તરફ આ બોગસ ડૉકટરોની ગેરકાયદેસર પ્રેકટીસના પ્રતાપે મેડીકલ સ્ટોર વાળાઓને ઘી-કેળા થઈ ગયા છે. આમ સ્વાઈન્ ફલુના રોગના કારણે ઉમરેઠ વિસ્તારના ગરીબ નાગરીકો બોગસ ડૉકટરોના હાથે લુટાઈ રહયા છે. તેમજ તેમના જીવનને જોખમમાં મુકી રહયા છે. બીજી તરફ જીલ્લાના આરોગ્ય વિભાગને આ અંગે જાણ કરવા છતાં આજદીન સુધી આવા એકપણ બોગસ ડૉકટર સામે કાર્યવાહી ન કરતાં આરોગ્ય વિભાગ સામે સ્થાનીક નાગરીકોનો રોષ ભભુકી ઉઠયો છે. અને કોઈ ગરીબનું મોત નીપજે તેની અધિકારીઓ શું રાહ જોઈ રહયા છે ? તેવા સવાલો સ્થાનીક નાગરીકો કરી રહયા છે.

### ઉમરેઠમાં કંમ્પાઉન્ડર કમ ડૉકટરોની હાટડીઓના સરનામા

ઉમરેઠમા કંમ્પાઉન્ડર કમ ડૉકટરો અંગે જીલ્લા આરોગ્ય વિભાગને જાણ કરી હોવાછતાં હજુ સુધી આવા તત્વો સામે કોઈ કાર્યવાહી થઈ નથી. કહેવાય છે કે જવાબદાર અધિકારીઓ અમને જાણ નથી તેમ કહી જવાબદારી માંથી હાથ ખંખેરી રહયા છે. ઉમરેઠમાં પ્રચલીત બનેલા કંમ્પાઉન્ડર કમ ડૉકટરોની યાદી પ્રમાણે નગરના ૧.જાગનાથ ભાગોળે આવેલ રાવળીયા ચકલામાં ૨.વડા બજાર સ્થિત ગોલવાડમાં ૩.તુળજામાતા પાસે મોટા ફળીયામાં ૪.લાલ દરવાજા વિસ્તારમાં ગેર કાયદેસર દવાખાના હાટડીઓ બની ગરીબ દર્દીઓના જીવન સાથે મૃત્યુના ખેલ ખેલી રહયા છે.

## નાસતો ફરતો આરોપી ઝડપાયો

મોડાસા, તા. ૧૯

પોલીસ અધિક્ષકશ્રી મયુર ચાવડા સાહેબ અરવલ્લી જિલ્લાનાઓ તરફથી નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવાની કામગીરી કરવા જરૂરી સૂચના તેમજ માર્ગદર્શન આપતાં એલ.સી.બી. અરવલ્લી પોલીસ ઈન્સ્પેકટર પી.કે.પટેલ તથા એલ.સી.બી. સ્ટાફ ધ્વારા પેટ્રોલીંગ વૉચ દરમ્યાન મોડાસા મેઘરજ રોડ બાયપાસ પાસેથી નાસતો ફરતો આરોપી હિતેન્દ્રકુમાર ઉર્ફે ભોટીયો વિરેન્દ્રભાઈ પાંડોર રહે.રોયણીયા મુખીનું ફળીયું તા.મેઘરજ જી.અરવલ્લી નાનો મેઘરજ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧/૧૪ ઈ.પી.કો.ક.૪૫૭,૩૮૦ મુજબના કામે રોયણીયા -નથમિક શાળામાંથી કોમ્પ્યુટર ચોરીના ઘરફોડના ગુન્હામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો હતો. જે આરોપીને પકડી પાડી મેઘરજ પોલીસ સ્ટેશન સોંપવાની સારી કામગીરી કરેલ છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦